રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના (NPS) હેઠળના કર્મચારી/ અધિકારીઓને મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઇટીનો લાભ આપવા બાબત.

## ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી.
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૪/૧૦/૨૦૧૭.

વંચાણે લીધાઃ-

(૧)નાણા વિભાગનો ઠરાવ ક: નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી, તા.૧૮/૦૩/૨૦૦૫

(૨)ભારત સરકારનો તા.૨૬/૮/૨૦૧૬નો ઑફીસ મેમૉરેન્ડમ No.7/5/2012-p&PW(F)/B

**પ્રસ્તાવના:**

રાજ્ય સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક -(૧) પરના ઠરાવથી તા.૧/૦૪/૨૦૦૫ કે ત્યારબાદ રાજ્ય સરકારમાં નિયમિત નિમણૂક પામેલ કર્મચારી/અધિકારીઓ માટે નવી વર્ધિત પેન્શન યોજના (NPS) લાગુ પાડવામાં આવેલ છે. The Pension Fund Regulatory and Development Authority (PFRDA), ભારત સરકાર દ્વારા આ યોજનાની વહીવટી દેખરેખ રાખવામાં આવે છે. ભારત સરકારે ઉકત વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઑફીસ મર્મોરેન્ડમથી કેન્દ્ર સરકારના NPS હેઠળના કર્મચારીઓને મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજ્યુઈટી ચૂકવવાનું ઠરાવેલ છે. રાજ્ય સરકાર દ્વારા પણ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ નિયમિત નિમણૂક પામેલ કર્મચારી/અધિકારીને મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી ચૂકવવાની બાબત વિચારણામાં હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા ઠરાવવામાં આવે છે કે તા.૧/૦૪/૨૦૦૫ કે ત્યારબાદ રાજ્ય સરકારની સેવામાં નવી વર્ધિત પેન્શન યોજના (NPS) હેઠળ નિયમિત નિમણૂક પામેલ કર્મચારીઓ/અધિકારીઓને નીચે મુજબની જોગવાઇઓને આધિન મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીનો લાભ મળવાપાત્ર થશે:

(૧) તા.૦૧/૦૪/૨૦૦૫ થી તા.૩૧/૧૨/૨૦૦૫ દરમિયાનના અવસાનના કેસોમાં મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી (Death cum Retirement Gratuity) વધુમાં વધુ બે પગારની મર્યાદામાં મળવાપાત્ર થશે.

(૨) તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૩૧/૧૨/૨૦૧૫ દરમિયાન નિવૃત્તિના કેસોમાં મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી (Death cum Retirement Gratuity) કર્મચારીએ નોકરીના પૂરા કરેલ વર્ષના અડધા માસિક પગાર લેખે ચૂકવવાની રહેશે. વધુમાં વધુ ૩૩ વર્ષની નિયમિત નોકરી ધ્યાને લઇ મહત્તમ ૧૬.૫ પગારની મર્યાદામાં ગ્રેજ્યુઇટી ચૂકવવાની રહેશે.

તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૩૧/૧૨/૨૦૧૫ દરમિયાન ચાલુ નોકરીમાં અવસાનના કેસમાં ગ્રેજ્યુઈટી (Death cum Retirement Gratuity) નીચે મુજબ મળવાપાત્ર થશે.

| ક્રમ | સેવાનો સમયગાળો | ગ્રેજ્યુઈટીનો દર |
|---|---|---|
| ૧ | એક વર્ષથી ઓછી નોકરી | બે પગાર |
| ૨ | એક વર્ષ કે તેથી વધુ પરંતુ પાંચ વર્ષ કરતાં ઓછી નોકરી | છ પગાર |
| ૩ | પાંચ વર્ષ કે તેથી વધુ પરંતુ વીસ વર્ષ કરતાં ઓછી નોકરી | બાર પગાર |

ઉક્ત સમયગાળા દરમિયાનના કેસમાં મૃત્યુ સહ–નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદા રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- (રૂપિયા દસ લાખ)ની રહેશે.

(૩) તા.૦૧/૦૧/૨૦૧૬ કે ત્યારબાદ નિવૃત્તિના કેસોમાં મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી (Death cum Retirement Gratuity) કર્મચારીએ પૂરી કરેલ નિયમિત નોકરીના પૂરા કરેલ વર્ષના અડધા માસિક પગાર લેખે ચૂકવવાની રહેશે. વધુમાં વધુ ૩૩ વર્ષની નિયમિત નોકરી ધ્યાને લઇ મહત્તમ ૧૬.૫ પગારની મર્યાદામાં ગ્રેજ્યુઈટી ચૂકવવાની રહેશે.

તા.૦૧/૦૧/૨૦૧૬ કે ત્યારબાદ ચાલુ નોકરીમાં અવસાનના કેસમાં ગ્રેજ્યુઈટી (Death cum Retirement Gratuity) નીચે મુજબ મળવાપાત્ર થશે.

| ક્રમ | સેવાનો સમયગાળો | ગ્રેજ્યુઈટીનો દર |
|---|---|---|
| ૧ | એક વર્ષથી ઓછી નોકરી | બે પગાર |
| ૨ | એક વર્ષ કે તેથી વધુ પરંતુ પાંચ વર્ષ કરતાં ઓછી નોકરી | છ પગાર |
| ૩ | પાંચ વર્ષ કે તેથી વધુ પરંતુ ૧૧ વર્ષ કરતાં ઓછી નોકરી | બાર પગાર |
| ૪ | ૧૧ વર્ષ કે તેથી વધુ પરંતુ ૨૦ વર્ષ કરતાં ઓછી નોકરી | વીસ પગાર |
| ૫ | વીસ વર્ષ કે તે કરતાં વધુ નોકરી | નિયમિત નોકરીના દરેક પૂર્ણ કરેલ વર્ષ દીઠ એક માસના પગાર લેખે,પરંતુ ૩૩ પગારની મર્યાદાને આધીન |

ઉક્ત સમયગાળા દરમિયાનના કેસમાં મૃત્યુ સહ–નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદા રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- (રૂપિયા વીસ લાખ)ની રહેશે.

૨. ઉક્ત (૧),(૨) અને (૩)ના કેસમાં મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીના સમયગાળાની ગણતરીમાં છ માસ કે તેના કરતાં વધુ હોય તેવા સમયને પૂરા વર્ષ તરીકે ગણવો. ઉક્ત તમામ કેસમાં પગારની વ્યાખ્યામાં નિવૃત્તિ/અવસાન સમયે મેળવેલ પગાર તથા મળવાપાત્ર મોંઘવારી ભથ્થાનો સમાવેશ કરવાનો રહેશે.

૩. આ ઠરાવનો લાભ તા.૦૧/૦૪/૨૦૦૫ કે ત્યારબાદ નવી વર્ધિત પેન્શન યોજના(NPS) હેઠળના નિયમિત નિમણૂક પામેલ રાજ્ય સરકારના/પંચાયતના/ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થા કે જેના કર્મચારીઓ/અધિકારીઓને કાયમી પેન્શન ખાતા નંબર(PPAN) પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર(નોડલ ઑફિસ) દ્વારા ફાળવવામાં આવે છે તેવી સંસ્થાઓના કર્મચારીઓ/અધિકારીઓને તા.૦૧/૦૪/૨૦૦૫ ની અસરથી મળવાપાત્ર થશે. પરંતુ, ઠરાવ પ્રસિધ્ધ થયાની તારીખ પહેલાનાં સમયગાળાના કોઇ પણ કેસમાં ગ્રેજ્યુઈટી ઉપર કોઇ વ્યાજ મળવાપાત્ર થશે નહીં.

૪. આ ઠરાવનો લાભ રાજીનામું આપીને સરકારી સેવામાંથી છૂટા થયેલ/થનાર તેમજ શિક્ષાના ભાગરૂપે ફરજીયાત નિવૃત્ત, રૂખસદ કે બરતરફ કરેલ કે કરવામાં આવે તેવા કર્મચારી/અધિકારીઓને મળવાપાત્ર થશે નહિ.

પ. નાણાં વિભાગ દ્વારા નવી વર્ધિત પેન્શન યોજના (NPS) સંબંધિત પ્રસિધ્ધ કરવામાં આવેલ અન્ય તમામ જોગવાઇઓ યથાવત રહે છે. આ ઠરાવમાં સમાવિષ્ટ નિર્ણયના અમલ માટેની વિગતવાર સૂચનાઓ અને અપનાવવાની હિસાબી પધ્ધતિ અંગેની સૂચનાઓ અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે. પટેલ)
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
માન.રા.ક.મંત્રીશ્રી(નાણા)ના અંગતસચિવશ્રી, માન.રા.ક..મંત્રીશ્રીનું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર
સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી. ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના અગ્રરહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી (આ.બા.) ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીઓ
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
*રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
સર્વે કચેરીઓના વડાઓ, સર્વે જિલ્લા તિજોરી, સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ, સર્વે નિગમ, બોર્ડ, યુનિવર્સિટીઓ/રાજય સરકારના જાહેર સાહસો.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબ સાઇટ ઉપર મુકવા માટે
સીલેકટ ફાઇલ – પી શાખા
*પત્ર દ્વારા